૫(૨૫૪)

<u>ગ્રામ્ય કક્ષાએ આવેલ હેન્ડપંપોનાં મરામત અને નિભાવણી માટેનો વહીવટ ગ્રામ પંચાયત/ પાણી સમિતિને સોંપવા બાબત.</u>

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વીડબલ્યુએસ/૧૦૯૮/ ૧૩૨૧/ખ.૪
બ્લોક નં.૭/૯, સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫/૧૧/૨૦૦૬

Office of th. Chief Engineer (Mechanical) G. W. S. & S. B. Gandhinagar.
Inward No. 2685
Date 21/11/06
CE (Mech.)
Ex. Engr.

વંચાણે લીધાઃ–(૧) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૪–૧૦–૨૦૦૨ના ઠરાવ ક્રમાંકઃપરચ–૨૦૦૨–૧૦૮૨–ચ.
(૨) ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગનો તા.૧૦/૨/૯૯નો પત્ર.

<u>આમુખ :–</u>

ગુજરાત પંચાયત અધિનિયમ– ૧૯૯૩ (સને ૧૯૯૩ નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૧૮)ની કલમ ૨૩૮ ની પેટા કલમ(૨) થી મળેલ અધિકારની રૂએ ગુજરાત સરકાર આથી તમામ ગ્રામ પંચાયતોને, અધિનિયમની કલમ–૯૯ અને અનુસૂચિ–૧ ની બાબત–૧ માં જણાવેલ ફરજો બજાવવા બાબતે ગામમાં આવેલ તમામ હેન્ડપંપની મરામત અને નિભાવણીનો વહીવટ ગ્રામ પંચાયત/ પાણી સમિતિ દ્વારા થાય તે માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

Office of M. E. G. W. S. & S. B.
In. No. 2456
Date 30/11

<u>ઠરાવ :–</u>

પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામીણ કક્ષાએ કરવામાં આવેલ હેન્ડપંપોનાં મરામત અને નિભાવણી અંગેનો વહીવટ હવેથી જે તે ગામની પાણી ~~સમિતિ~~ ગ્રામ પંચાયત દ્વારા કરવાનો રહેશે. આ બાબતે નીચે મુજબની બાબતોનો અમલ કરવાનો રહેશે.

(૧) ગામમાં આવેલ તમામ હેન્ડપંપ ગ્રામ પંચાયત/ પાણી સમિતિ દ્વારા પાણી પુરવઠા બોર્ડ વિભાગ પાસેથી ક્રમશઃ ૬ માસમાં હસ્તગત કરવાનાં રહેશે અને આ તમામ હેન્ડપંપોનો વહીવટ ગ્રામ પંચાયત/ પાણી સમિતિ દ્વારા કરવાનાં રહેશે.

(૨) જે ગામમાં કાર્યરત હેન્ડપંપની સંખ્યા ૧ થી ૫ સુધીની હોય ત્યાં હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે વાર્ષિક રૂ. [illegible]/– હેન્ડપંપ દીઠ અને જે ગામમાં ૬ થી વધારે હોય ત્યાં

રૂ.૫૦૦/- હેન્ડપંપ દીઠ સહાયક અનુદાનની રકમ ગ્રામ પંચાયતને મળવા પાત્ર રહેશે જેમાં હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે જરૂરી સ્પેરપાર્ટની કિંમતનો સમાવેશ થાય છે. આ સહાયમાં ૧૫ ટકા સુધી વધારો કરવાની દરખાસ્ત હાલમાં વિચારણા હેઠળ છે.

(૩) હેન્ડપંપ નિષ્ફળ જાય તેવા કિસ્સામાં વધારાના ખર્ચ માટે ૧૨ મા નાણાંપંચ હેઠળ મરામત અને નિભાવણીની જોગવાઈમાંથી વધારાના ખર્ચ તરીકે મંજુર કરી શકાશે.

(૪) ગામોમાં હેન્ડપંપ કાર્યરત રહે તે માટે જરૂરી તાલીમ પંચાયતઃ પાણી સમિતિ જે સભ્યોને તાલીમ આપવા ઠરાવે તેને તાલીમ આપવા માટેની વ્યવસ્થા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૧૩.૧૧.૨૦૦૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વી. એન. ચૌધરી)
ઉપ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

નકલ રવાના :-

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ અગ્ર સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ અધિક મુખ્ય સચિવશ્રીઓ સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- પં. ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ ચ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેર, ઝોન ૧, ૨, ૩ અને ૪, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.